ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.

Date: 7th April, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,

................................., ભાવનગર.

**રાજ્યમાં STEM ના પ્રસાર-પ્રચાર માટે Commissionerate of Higher Education, Gov. of Gujarat સાથે નોલેજ પાર્ટનર GUJCOST, DST ના પ્રયાસથી ગુજરાતની ૪૮૩ આર્ટસ અને કોમર્સ કોલેજોમાં શરુ થશે Innovation Club**

૮ અને ૯ એપ્રિલ, ૨૦૨૨ દરમ્યાન ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લાની કોલેજો માટે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ખાતે યોજાશે ટ્રેનીંગ વર્કશોપ

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને એન્જીન્યરીંગના પ્રસાર-પ્રચાર માટે સમગ્ર રાજ્યમાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

જેના ભાગરૂપે ફક્ત સાયન્સ સ્ટ્રીમના જ બાળકો ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને એન્જીન્યરીંગ (STEM)માં આગળ આવી શકે એટલું જ નહિ આર્ટસ અને કોમર્સ સ્ટ્રીમમાં અભ્યાસ કરતા બાળકો પણ ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને એન્જીન્યરીંગ (STEM)માં આગળ વધે તેવા પ્રયાસ માટે નોલેજ પાર્ટનર GUJCOST અને Commissionerate of Higher Education, Gov. of Gujarat દ્વારા ગજરાતની ૪૮૩ આર્ટસ અને કોમર્સ કોલેજોમાં Innovation Club સ્થાપવાનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

Innovation Club ની શરૂઆતને વધુ અસરકારક બનાવવા માટે પસંદગી પામેલ ગુજરાતની ૪૮૩ આર્ટસ અને કોમર્સ કોલેજોના Innovation Club કો-ઓર્ડીનેટરશ્રીઓ માટે રાજ્યના વિવિધ શહેરોમાં ઝોન મુજબ Innovation Club Coordinator Orientation Workshop નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

Innovation Club Coordinator Orientation Workshop ના ભાગ રૂપે આગામી તારીખ ૮ અને ૯ એપ્રિલ, ૨૦૨૨ દરમ્યાન ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લાના Innovation Club Coordinator માટે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ખાતે બે દિવસીય ટ્રેનીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

૭/૪/૨૨

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર.